|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી વીતરાગાય નમઃ || || નમો નાણસ્સ ||

# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત : માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા – **ધાર્મિક શિક્ષણ બોર્ડ** આયોજિત

વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**તા. ૧૦-૦૧-૨૦૧૬ ● સમયઃ** સવારે ૯ થી ૧૨ **● શ્રેણી : ૬ ●** ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 6)**

**પ્ર. : ૧. સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો : (૩૦)**

**(અ) એક શબ્દમાં જવાબ લખો :** ૬

(૧) દેવતા વગેરેની પૂજા કરવા માટે તૈયાર કરાયેલ ભોજન વહોરાવવાથી શું દોષ લાગે ?

(૨) પ્રતિલેખન કરતી વખતે કયા આસને બેસવું જોઈએ ?

(૩) સાધુ-સાધ્વીને વહોરાવ્યા પછી સચેત પાણીથી હાથ કે વાસણ ધોઈએ તો કયો દોષ લાગે ?

(૪) સ્વાધ્યાય અને પ્રતિલેખનાના દોષથી નિવૃત્ત થવા માટે કયું સૂત્ર છે ?

(૫) સૂત્રના રહસ્યને જાણીને તેનો ઉપદેશ આપે તેને શું કહેવાય ?

(૬) નિંદ્રામાંથી ઊઠીને કયા પાઠનો કાયોત્સર્ગ કરવો ?

**(બ)** ૧૮,૨૪,૧૨૦ પ્રકારે દોષ લાગે છે તે સમજાવો. ૪

**(ક) નીચેના પાઠની પૂર્તિ કરો :** ૧૦

(૧) ચત્તારિ આલંબણ ............................... ધમ્મ કહા

(૨) પંચહિં કામગુણેહિં ................................ ફાસેણં

(૩) વિના પ્રયોજનથી આત્મા દંડાય છે તે મૂળ પાઠ લખો.

(૪) ચૌવિહારમાં ૪ આહારના પચ્ચક્ખાણ કરીએ છીએ તે મૂળ પાઠ લખો.

(૫) હીણકખરં ...................................... ઘોસહીણં

**(ડ) મૂળ પાઠ લખો :** ૫

(૧) દાંત, હાડકાં, શીંગડાનો વેપાર કર્યો હોય

(૨) પાટીયું-પાટ

(૩) સંયમરૂપી યાત્રા સુખરૂપ છે

(૪) રૂપ બતાવીને મર્યાદા બહારથી વસ્તુ મંગાવી હોય

(૫) સ્પર્શ્યું ન હોય - સ્પર્શના ન કરી હોય.

**(ઈ) અર્થ લખો :** ૫

૧) લોએ ૨) હુજ્જમે કાઉસગ્ગો ૩) ઘોસહીણં ૪) ઓસહ

૫) કામભોગા સંસપ્પઓગે ૬) ઉસ્સુત્તો ૭) વિસલ્લી કરણેણં ૮) વિતિગિચ્છા

૯) તપ્પડિ રૂવગવવહારે ૧૦) સઈ અંતરદ્ધાએ.

**પ્ર. : ૨. આગાર ધર્મના સ્વરૂપને આધારે : (૭)**

(અ) પંચેન્દ્રિય પણે .......... ભવ ઓછા મળ્યા. અનંત મિથ્યાત્વીની સામે એક જીવ.......... એવા અસંખ્ય સમકિતી જીવોની સરેરાશે એક જીવ..........માટે શ્રાવક ધર્મની દુર્લભતા જાણી આરાધક બનવા........ કરવા તેના સ્વરૂપને જાણીએ. ૨

(બ) <u>જોડકાં જોડો :</u> ૫

| | |
|---|---|
| ૧) આત્માનો ગુણ | ૧) આગાર ધર્મ અણગાર ધર્મ |
| ૨) ધર્મના મુખ્ય પ્રકાર | ૨) તુંગીયા નગરીના શ્રાવક |
| ૩) ચારિત્ર ધર્મના બે પ્રકાર | ૩) શ્રુત ધર્મ, ચારિત્ર ધર્મ |
| ૪) શ્રમણોપાસક | ૪) જ્ઞાન, દર્શન |
| ૫) ભગવતી સૂત્રમાં | ૫) શ્રાવક આનંદ, કામદેવ |

**પ્ર. : ૩ નવ તત્વના આધારે જવાબ લખો : (૩૫)**

**(અ) વ્યાખ્યા લખો : (કોઈ પણ ત્રણ)** ૩

નિશ્ચયનયથી જીવની, કર્મભૂમિ, પુણ્યતત્વ, પ્રમાદ, સ્વયંબુધ્ધસિધ્ધા.

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો :** ૫

(૧) નારકી અને દેવતાનું - સંઘયણ અને સંઠાણ લખો.

(૨) અનંતાનુબંધી કષાય એટલે શું ?

(૩) યથાખ્યાત ચારિત્ર એટલે શું ?

(૪) સકામ નિર્જરા એટલે શું ?

(૫) કેટલી અવગાહના અને આયુષ્યવાળો જીવ મોક્ષમાં જાય ?

(પાછળ જુઓ)

**(ક) ટૂંકમાં જવાબ લખો (કોઈ પણ ચાર) :** ૧૬

(૧) વ્યાવહારિક જીવનમાં નવ તત્વમાંથી બંધ તત્વને જાણી શું કરશો ?

(૨) કેટલા બોલનો ધારક મોક્ષમાં જાય, તેમાંથી ૧૦ બોલ લખો.

(૩) કુલ તપના પ્રકાર, તેમાંથી આભ્યંતર તપના નામ લખી ધ્યાન તપમાં શુભ અને અશુભ ધ્યાનના નામ લખો.

(૪) ચારિત્રના પ્રકારના નામ લખી સામાયિક ચરિત્રને ટૂંકમાં સમજાવો.

(૫) <u>માત્ર સંખ્યા લખો :</u> આશ્રવના સામાન્ય અને વિશેષ ભેદ, ભાવના, પાપની પ્રકૃતિ, જીવના ભેદ વિસ્તારથી, પંચેન્દ્રિય જીવના ભેદ, અજીવ તત્વના સંક્ષેપ્તથી ભેદ.

**(ડ) કોઠો આડો-અવળો થઈ ગયો છે, સરખો ગોઠવી લખો :** ૮

| કર્મ | કોના સમાન | ગુણ |
|---|---|---|
| ૧) જ્ઞાનાવરણીય | ૧) મદિરાપાન સમાન | ૧) અમૂર્ત |
| ૨) દર્શનાવરણીય | ૨) બેડી સમાન | ૨) અવ્યાબાધ આત્મિક સુખ |
| ૩) વેદનીય | ૩) રાજાના ભંડારી સમાન | ૩) અનંતજ્ઞાન |
| ૪) મોહનીય | ૪) ચિત્રકાર સમાન | ૪) અનંતવીર્ય |
| ૫) આયુષ્ય | ૫) આંખના પાટા સમાન | ૫) અનંત દર્શન |
| ૬) નામ | ૬) કુંભારના ચાકડા સમાન | ૬) અગુરુલઘુ |
| ૭) ગોત્ર | ૭) રાજાના દ્વારપાળ સમાન | ૭) અક્ષયસ્થિતિ |
| ૮) અંતરાય | ૮) મધે ખરડાયેલ તલવાર | ૮) વીતરાગતા |

**(ઈ) એક શબ્દમાં જવાબ લખો :** ૩

(૧) વલ્કલચીરી કયા લીંગે સિદ્ધ થયા ?

(૨) નામ કર્મની જઘન્ય સ્થિતિ લખો ?

(૩) કયા અજીવ તત્વને અસ્તિકાય ન હોય ?

(૪) જગ્યા કે સ્થાન આપવાથી કયું પુન્ય બંધાય ?

(૫) મહોરગ કયા પ્રકારના દેવ છે ?

(૬) અશરણ ભાવના કોણે ભાવી ?

**પ્ર. : ૪. આગમ સૂત્ર પરિચયને આધારે કોઈ ચારના જવાબ લખો :** ૪×૨ (૮)

(૧) ગણધર ગુંથીત આગમ કેટલા ? તેમાંથી વિચ્છેદ ગયેલ આગમનું કારણ અને તે આગમમાં શું આવે છે તે લખો ?

(૨) અંતગડ સૂત્રમાં શેનું વર્ણન આવે છે ?

(૩) પુપ્ફિયા આગમમાં શું આવે છે ?

(૪) કાલકુમારના ૧૦ ભાઈઓ અને ૧૦ દીકરાનું વર્ણન કયા આગમમાં આવે છે ?

(૫) દઢ પ્રતિજ્ઞ કેવળીના આગળના ભવોનાં નામ લખો.

(૬) નિષધકુમાર તથા બલભદ્ર કોની પાસે દીક્ષા લે છે ? તે કયા આગમમાં આવે છે ?

**પ્ર. : ૫. કથાના આધારે જવાબ લખો :** **(૧૦)**

**(ક) ખાલી જગ્યા પૂરો :** ૩

(૧) મેઘકુમાર અનશન કરવા ............ પર્વત ઉપર ગયા.

(૨) તિર્યંચના ભવમાં દયા પાળવાથી ............ ભવ મળ્યો.

(૩) મેઘકુમારની માતા ............ પિતા ............ નગરી ............

(૪) મહાવીર પ્રભુ ............ નામક ઉદ્યાનમાં પધાર્યા. ૩

**(ખ) કોણ બોલે છે, કોને કહે છે** ...

(૧) હા, ગૌતમ આ જ નગરમાં રાજાનો દીકરો જન્માંધ આદિ છે.

(૨) એવું કોણ જ્ઞાની અને તપસ્વી છે કે જેણે મારા આ છુપાવેલા રહસ્યને જાણી લીધું ?

(૩) પૂર્વભવના કયા પાપથી મૃગાપુત્ર આવા નરક જેવા પાપ ભોગવે છે?

**(ગ) ટૂંકમાં જવાબ આપો :** ૪

(૧) ઈન્દ્રને અવધિ જ્ઞાનનો ઉપયોગ શા માટે કરવો પડ્યો ?

(૨) દશાર્ણભદ્ર રાજાનું અભિમાન કઈ રીતે ઉતરી ગયું ?

(૩) ઈન્દ્ર દર્શાર્ણભદ્ર સામે શા માટે ઝૂકી ગયા ?

(૪) મૃગાપુત્રને કયો રોગ હતો ? ગર્ભકાળમાં તેની શી અસર દેખાઈ ?

**પ્ર. : ૬. કાવ્ય વિભાગ :** **(૧૦)**

**નીચેની પંક્તિ પૂર્ણ કરો :**

(૧) સોહં ...................... પરિંપાલનાર્થં

(૨) વક્તું ...................... ભુજાભ્યાં.

(૩) ધન્નોને .................... ટાળશે ભવની ખોડ

(૪) સુબાહુ પ્રમુખ ............. સુખવિપાકે અધિકાર.

**"જય જિનેન્દ્ર"**